ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

મગજ ઉપર ભાર સારો નહિ
હૈયામાં વરસાદ સારો નહિ
ખોલી નાખ દિલ દોસ્તો પાસે
આ મૂંઝવણનો કારોબાર
સારો નહિ

## જન્મદિને વધામણી



મીનાબેન પટેલ



નેહા જે શાહ
મો. ૯૯૨૫૮ ૪૭૭૯૬

# સૅટરડે નાઈટ્સમાં ‘લાયકાત વગરના હોદ્દા’ની વાત







ઊંચા હોદ્દા પર બેઠેલા લાયકાત વગરના માણસો સમાજને કેટલું નુકસાન કરે છે, લોકોના જીવને કેટલા જોખમમાં મૂકે છે અને પોતે જે સ્થાન પર બેઠા છે તે સ્થાનનું નામ પણ કેટલું ખરાબ કરે છે તે અંગે પ્રકાશ પાડતું સુંદર મજાનું નાટક સ્વર્ણિમ પાર્ક ખાતે પ્લગ ઈન્સ એન્ટરટેઈનમેન્ટ આયોજિત ‘સૅટરડે નાઈટ્સ’ અંતર્ગત ભજવવામાં આવ્યું હતું. ‘સૅટરડે નાઈટ્સ’ની સિઝન-૪ના બીજા ઍપિસોડમાં દિવ્યકાન્ત વર્માના નિર્દેશનમાં આ નાટક ઉપરાંત ગીત-સંગીતની સુંદર મહેફિલ પણ જમાવવામાં આવી હતી, જેમાં નગરના નામી-અનામી અનેક કલાકારોએ ભાગ લીધો હતો. શનિવારે રાત્રે મોટી સંખ્યામાં કલાના રસિકોએ શાંતિપૂર્વક આ કાર્યક્રમને માણ્યો અને વખાણ્યો હતો.

## આવકવેરા રિટર્ન ભરવાની છેલ્લી તારીખ લંબાવવા માટે માગણી

ગાંધીનગર, તા. ૧૭

કેન્દ્ર સરકારે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ઓડિટેડ સિવાયના તમામ આવકવેરા રિટર્ન ભરવા માટે ૩૧ જુલાઈની છેલ્લી તારીખ નક્કી કરી છે પરંતુ વિવિધ ફોર્મ માટેની યુટિલિટી જાહેર કરવામાં ઘણો વિલંબ થયો છે. મંગળવારે આઈટીઆર-૨ માટેની યુટિલિટી જાહેર કરવામાં આવી હતી આ સાથે અત્યાર સુધીમાં ત્રણ આઈટીઆર ઉપલબ્ધ બન્યાં છે. કરવેરા નિષ્ણાતો માને છે કે ૩૧ જુલાઈ આડે માત્ર દોઢ મહિનાનો સમય બાકી છે ત્યાં સુધી વિવિધ ફોર્મની યુટિલિટી ઉપલબ્ધ નથી તે જોતાં સરકારે રિટર્ન ભરવાની છેલ્લી તારીખ લંબાવવી જોઈએ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિયેશન, અમદાવાદના પૂર્વ પ્રમુખ સીએ અજીત સી. શાહે જણાવ્યું હતું કે, “હજુ સુધી ત્રણ પ્રકારના ફોર્મ પોર્ટલ પર ઉપલબ્ધ બન્યાં છે અને તેને ભરવાની યુટિલિટી આપવામાં આવી છે. આઈટીઆર-૧ અને ૨ કે જે પગારદાર અને વ્યાજની આવક ધરાવતા કરદાતાઓ માટે છે તેનો મોટાપાયે ઉપયોગ થાય છે.

## ફી કમિટી સમક્ષ દરખાસ્ત નહીં કરનારી સ્કૂલ્સને નોટિસ પાઠવવાનો આરંભ

ગાંધીનગર, તા. ૧૭

ખાનગી સ્કૂલોની ફી નક્કી કરવા બનાવેલી કમિટી સમક્ષ ફી માટે દરખાસ્ત નહીં કરનારી સ્કૂલોને નોટિસ ફટકારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. સુપ્રીમ કોર્ટની સૂચના બાદ ફી કમિટીએ પોતાની કાર્યવાહી આગળ ધરી હતી. જેમાં જે સ્કૂલોએ દરખાસ્ત કરી ન હોય તેમને દરખાસ્ત કરવા માટે સમય અપાયો હતો. જોકે, આ મુદત દરમિયાન પણ અમદાવાદ ઝોનની ફી કમિટી સમક્ષ ૨૦૦ કરતા વધુ સ્કૂલોએ દરખાસ્ત કરી ન હોઈ હવે ફી કમિટી દ્વારા તેમને તબક્કાવાર નોટિસ ફટકારવાનું શરૂ કર્યું હોવાનું જાણવા મળે છે.

અમદાવાદ ઝોનની ફી કમિટી સમક્ષ સુપ્રીમ કોર્ટની સુચના બાદ સ્કૂલોને દરખાસ્ત કરવાની મુદત આપવામાં આવી હતી. આ મુદત દરમિયાન અનેક સ્કૂલોએ દરખાસ્ત કરી હતી. જોકે, સુપ્રીમ કોર્ટમાં ગયેલી મોટાભાગની સ્કૂલોએ સુપ્રીમની સુચના બાદ પણ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી ન હતી અને સુપ્રીમનો અંતિમ ચુકાદો આવવાની રાહ જોવાનું નક્કી કર્યુ હતું. દરમિયાન ફી કમિટી સમક્ષ જે સ્કૂલોએ દરખાસ્ત કરી હતી તેની કાર્યવાહી હાથ ધરાઈ હતી અને સુનાવણી બાદ તે સ્કૂલોની ફી નક્કી કરી દેવાઈ હતી. ત્યાર બાદ ફી કમિટી દ્વારા જે સ્કૂલોએ દરખાસ્ત કરી ન હતી તેમની વિગતો એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં અમદાવાદ ઝોનમાં અંદાજે ૨૦૦ કરતા વધુ સ્કૂલોએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી ન હોવાનું બહાર આવ્યું હતું. જેના પગલે હવે કમિટી દ્વારા આ સ્કૂલોને નોટિસ ફટકવારનું નક્કી કર્યુ છે.

### શ્રી સ્વામિનારાયણ મંદિર, ગાંધીનગર દ્વારા અધિક માસમાં

## દશાવતાર સપ્તાહ રાત્રીય પારાયણનું આયોજન

### કથાનો પ્રારંભ તા. ૨૧ મે ને સોમવારના રોજ અને પૂર્ણાહુતિ તા. ૨૭ મે ને રવિવારના રોજ થશે

ગાંધીનગર, તા. ૧૭

શ્રી સ્વામિનારાયણ મંદિર, ગાંધીનગર દ્વારા અધિક માસમાં દશાવતાર સપ્તાહ રાત્રીય પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે.

મહંત સ્વામીશ્રી, શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ તથા સમસ્ત સત્સંગ સમાજ, ગાંધીનગર (સૅક્ટર-૨) દ્વારા આ અંગેની વિગતો આપતાં જણાવવામાં આવ્યું છે કે શ્રી સ્વામીનારાયણ મંદિર, ગાંધીનગર (સૅ.૨)માં બિરાજમાન મહાપ્રતાપી શ્રી ઘનશ્યામ મહારાજના દિવ્ય પ્રાંગણમાં પવિત્ર પુરૂષોત્તમ (અધિક) માસમાં શ્રીમદ્ ભાગવત મહાપુરાણ અંતર્ગત દશાવતાર સપ્તાહ રાત્રીય પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે.

કથાનો પ્રારંભ તા. ૨૧ મે ને સોમવારના રોજ થશે અને પૂર્ણાહુતિ તા. ૨૭ મે ને રવિવારના રોજ થશે.

આ સમગ્ર કાર્યક્રમને મહંતશ્રી પુરુષોત્તમપ્રકાશદાસજીનું માર્ગદર્શન પ્રાપ્ત થઈ રહ્યું છે. સભા સંચાલક તરીકે કોટેશ્વરના સ્વામી શ્રી વ્રજૂષણદાસજી અને ગાંધીનગરના સ્વામી શ્રી ચૈતન્યસ્વરૂપદાસજી પોતાની સેવાઓ આપશે. આ પ્રસંગે કાલુપુરના સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી તથા ધામોધામથી સંતો પધારશે.

આ પ્રસંગે આયોજિત વ્યાખ્યાનમાળાના વક્તા તરીકે ઈડરના મહંત સ્વામી શ્રી સિદ્ધેશ્વરદાસજી, વડગરના સ્વામી શ્રી વિશ્વપ્રકાશદાસજી, કાલુપુરના સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપદાસજી, નાથદ્વારાના મહંત શ્રી વાસુદેવચરણદાસજી, નારાયણઘાટના મહંત શ્રી દિવ્યપ્રકાશદાસજી અને કાલુપુરના સ્વામી શ્રી કુંજવિહારીદાસજી ઉપસ્થિત રહેશે.

આ પાવન ઉપક્રમને કાલુપુરના સ્વામી શ્રી જયપ્રકાશદાસજી, સ્વામી શ્રી જયકૃષ્ણદાસજી, પ્રાંતિજના સ્વામી શ્રી પ્રાણજીવનદાસજી, ધોળકાના સ્વામી શ્રી સત્યસંકલ્પદાસજી અને કાલુપુરના સ્વામી શ્રી નારાયણમુનિદાસજીનો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

## ટીકા માટે પણ આત્મબળ હોવું જરૂરી છે : મોરારિબાપુ

ગાંધીનગર, તા. ૧૭

આજની સભા વિદ્વદ્ સભા, શ્લોક સભા છે અને હું તો લોકનો માણસ છું. જોકે આ મંચ ઉપર આદિ, મધ્ય અને અંતમાં હનુમાનજી આવે છે ત્યારે આ મંચ જ ગ્રંથનું રૂપ લઈ ચૂક્યો છે. જેમ હનુમાનજીએ લંકામાં પ્રવેશ દરમિયાન લંકિનીને મુષ્ટિપ્રહારથી જાણે શક્તિપાત કરીને વિરક્ત કરી દીધી. આવા વિદ્વાનો જેને સમાજ ચપટી આપે તો મુઠ્ઠીભરીને પરત આપે છે. આ વિજયભાઈનો મુષ્ટિપ્રહાર છે. તેમણે મુષ્ટિપ્રહારથી સત્સંગ કરાવ્યો છે. સમાજને પોતાના શબ્દબ્રહ્મની ઉપાસનાથી આત્મબળની છાયામાં સતત જાગૃત કરવાનું કાર્ય કર્યું છે. આજે સમાજને મુખૌટાથી મુક્ત થવાની જરૂર છે, એમ પૂ.મોરારિ બાપુએ બુધવારે અમદાવાદ ખાતે સંસ્કૃતના જાણીતા વિદ્વાન ડૉ.વિજયભાઈ પંડ્યાના અમૃત પર્વ પ્રસંગે ‘ગ્રંથપંચામૃતના પ્રાગટ્ય પર્વ’ પ્રસંગે જણાવ્યું હતું.

પૂ.મોરારિ બાપુની ઉપસ્થિતિમાં ભવામૃતમ્, અનુનય, અયોધ્યાકાંડમ્, કર્ણભારમ્, દીપશિખા પુસ્તકોનું લોકાર્પણ થયું હતું. આ લોકાર્પણ પ્રસંગે જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીરભાઈ ચૌધરી, પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, ભાગ્યેશભાઈ જહા, વેમ્પટિ કુટુંબ શાસ્ત્રી ડૉ.વિજયભાઈ પંડ્યા તથા ડૉ.હર્ષદેવ માધવ, રતિલાલ બોરિસાગર, સતીશ વ્યાસ, હરિશ્ચન્દ્ર જોશી, જયદેવભાઈ માંકડ, ડૉ.રવીન્દ્ર ખાંડવાળા, બાબુભાઈ સહિત સાહિત્ય જગત, સંસ્કૃત જગતના વિદ્વાનો-અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

પૂ.મોરારિ બાપુએ જણાવ્યું કે, જેની પાસે વિદ્વત્તા હોય, વિવેક હોય, વિનોદ હોય, વચની સાથે વિરક્તિ હોય અને પાંચમી અને મહત્ત્વની વાત કે પરમતત્ત્વ માટે વિશ્વાસ હોવો જોઈએ. વિજયભાઈ ૫૫ ગ્રંથોનો ગોવર્ધન ઊંચકીને બધા ગોવાળિયાને સાથે રાખે છે. ભગવાન કરે કે તેમની શતાબ્દી ઉજવાય. મંચ ઉપરથી વાત થઈ કે તેમણે ટીકાઓ ઘણી કરી છે ત્યારે મારી વ્યાસપીઠ કહે છે કે એ નિંદા નથી, પરંતુ નિદાન છે. જેમ વૈદ્ય કોઈ નિદાન કરે છે, એ રીતે. ખરું કહું તો ટીકા માટે પણ આત્મબળ હોવું જરૂરી છે.

રઘુવીર ચૌધરીએ જણાવ્યું કે, આપણે ત્યાં ત્રિકાળ સંધ્યા થાય છે, બાપુ પણ ત્રિકાળ સંધ્યા કરે છે, પરંતુ વિજયભાઈની ત્રિકાળ સંધ્યા એટલે હાસ્ય. આ પ્રસંગે શુભેચ્છા વ્યક્ત કરીએ કે, તેઓનો જે સંકલ્પ છે કે, રામાયણની સમીક્ષિત આવૃત્તિનું કાર્ય પૂર્ણ થાય.

## અંગ્રેજી માધ્યમનાં ધોરણ-૧, ૨માં જૂનથી ગુજરાતી વિષય ફરજિયાત

અમદાવાદ, તા.૧૭

રાજ્યમાં આવેલી ગુજરાતી માધ્યમની શાળાઓ સિવાયની અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં પણ આગામી જૂન-૨૦૧૮ના નવા શૈક્ષણિક સત્રથી ધો.૧ અને ધો. ૨માં વિદ્યાર્થીઓને ગુજરાતી વિષય ફરજિયાત ભણાવવામાં આવશે તેવી અગાઉ જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે હવે શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર રીતે પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. હવેથી cbse, icse, ib, sgbse, cic વગેરે બોર્ડના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગે ગુજરાતી વિષય ફરજિયાત ભણાવવામાં આવશે.

અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હોય છે અને ભાષા તરીકે હિન્દી અને વિદેશી ભાષાઓ શીખવવામાં આવે છે, પરંતુ ગુજરાતી ભાષા શીખવવામાં આવતી નથી, જેના કારણે માતૃભાષા ગુજરાતીથી વિદ્યાર્થીઓ વંચિત રહે છે.

ત્યારે થોડા દિવસ અગાઉ શિક્ષણ વિભાગ દ્વારા તમામ અંગ્રેજી શાળાઓમાં ગુજરાતી વિષય ફરજિયાત ભણાવવાની વિચારણા કરી હતી. ત્યારે હવેથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાતી માધ્યમ સિવાયની કોઈ પણ બોર્ડ કે કોઈ પણ માધ્યમની પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી વિષય ફરજિયાત કરવામાં આવ્યો છે અને રાજ્ય શિક્ષણ વિભાગે તમામ શાળાઓને પરિપત્ર પણ મોકલી દીધો છે, જેનો અમલ આ નવા શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવશે.

## કોપી કેસમાં પકડાયેલા એસએસસીના ૯ વિદ્યાર્થીઓ પર ૨૦૨૧ સુધી પ્રતિબંધ

અમદાવાદ,તા.૧૭

ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ (GSHSEB) દ્વારા નવ વિદ્યાર્થીઓ પર ૨૦૨૧ સુધી ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા આપવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ નવ વિદ્યાર્થીઓમાંથી સાત પરીક્ષામાં મોબાઈલ સાથે પકડાયા હતા જ્યારે બે ડમી સ્ટુડન્ટ તરીકે પરીક્ષા આપી રહ્યા હતા. બોર્ડ અધિકારીઓના જણાવ્યા અનુસાર, મંગળવારના રોજ ૧૦૩ વિદ્યાર્થીઓને ઈન્ટવ્યુ માટે બોલાવવામાં આવ્યા હતા. જેમાં ૧૦૩માંથી માત્ર ૪૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને દરેકને કોપી કેસમાં સજા ફટકારવામાં આવી હતી.

જે વિદ્યાર્થીઓ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે વિદ્યાર્થીઓ હવે ૨૦૨૧માં SSCની પરીક્ષા આપી શકશે. આ સાથે તેમનું પરિણામ પણ કેન્સલ કરી દેવામાં આવ્યું છે. એજ્યુકેશન બોર્ડના એક અધિકારીએ જણાવ્યું કે, પરીક્ષામાં ડિજીટલ વૉચ સાથે પકડાયેલા એક વિદ્યાર્થીએ સ્વીકાર્યું કે તેણે તે વૉચની મદદથી કૉપી કરી હતી. તે વિદ્યાર્થી પણ ૨૦૨૧ સુધી પરીક્ષા નહીં આપી શકે.

મોબાઈલ સાથે પકડાયેલા અન્ય ત્રણ વિદ્યાર્થી વિરૂદ્ધ સુપરવાઈઝરે કોપી કેસ ફાઈલ નહોતો કર્યો. તેથી બોર્ડે તે સુપરવાઈઝર પાસે પણ ખુલાસો માંગ્યો છે.

એક કેસમાં સુપરવાઈઝરે સ્ટુડન્ટને મોબાઈલ પાછો આપી દીધો હતો. બાકીના ૩૭ વિદ્યાર્થીઓમાંથી ૧૯ વિદ્યાર્થીઓના પરિણામ રદ કરી દેવામાં આવ્યા છે અને તે માર્ચ ૨૦૧૯માં ફરીથી પરીક્ષા આપી શકશે. જ્યારે ૨૬ વિદ્યાર્થીઓને એક વિષયમાં નાપાસ જાહેર કરવામાં આવ્યા છે. આ વિદ્યાર્થીઓ આ જ વર્ષે જુલાઈમાં રી-ટેસ્ટ આપી શકશે.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

# ગ્રાહક સેવા જેવું બેન્કોમાં હવે રહ્યું છે શું ?



ભારતની આઝાદી પછીથી સાત દાયકાઓ વિતી ગયા પછી આજે બેન્કિંગ ક્ષેત્રની જે હાલત દેખાય છે તે સતર્ક નાગરિકોને અવશ્ય ચિંતા થાય તેવી ઊભી થઈ છે. બેન્કોની રાષ્ટ્રના નિર્માણ અને વિકાસમાં એક આગવી ભૂમિકા હોય છે. કેમ કે તેઓ આર્થિક બધા જ વ્યવહારોને અમલમાં મૂકવામાં માધ્યમ તરીકે કામ કરે છે. તદુપરાંત સરકારશ્રીની જૂદી જૂદી યોજનાઓને સાકાર કરવામાં પોતાનું યોગદાન આપે છે. ૧૯૬૯માં ઈન્દિરા ગાંધી દેશનાં વડાપ્રધાન હતાં ત્યારે બેન્કોને ખાનગી ક્ષેત્રમાંથી રાષ્ટ્રીયકરણ કરીને જાહેર ક્ષેત્રોમાં લાવવામાં આવી. વીસ મુદ્દાનો આર્થિક કાર્યક્રમ, સંકલિત ગ્રામ વિકાસ યોજના વગેરેને માટે બેન્કો ઉપર જવાબદારી નાખવામાં આવી. બેન્કોમાં પણ વર્ષો જતાં લોન મેલાઓ (ક્રેડિટ કેમ્પ) થવા લાગ્યા અને પછીથી અમલીકરણમાં સડો દાખલ થયો.

બેન્કોને પ્રવર્તમાન પ્રશાસન સાથે ઘનિષ્ઠ નાતો રહેતો જ હોય છે. ઉપરાંત રિઝર્વ બેન્કના આદેશોનું પાલન કરવાનું જરૂરી હોય છે. ક્લાસ બેન્કિંગમાંથી માસ બેન્કિંગ થયું અને કામનું ભારણ કહો કે વૈવિધ્ય કહો એ પણ વધતું ગયું. બેન્કોમાં ૧૯૯૦ પછી ઈન્ટરનેટ આધારિત માળખું અમલમાં આવ્યું, કોર બેન્કિંગ આવ્યું અને માનવ આયોજન તથા કાર્યશૈલીમાંથી માનવીય તત્ત્વ ક્રમશઃ હટતું કે ઘટતું ગયું. એક શાખાના કર્મચારીઓને ‘ગૂડ મોર્નિંગ’ કહેવામાંથી પણ રસ ઊડી ગયો. એક છત નીચેની ટીમ સાવ રોબોટ સ્ટાઈલથી કામ કરતી થઈ. પછી તો કોણ ગ્રાહક? ગ્રાહક સેવા કઈ બલાનું નામ છે? ગ્રાહક માટે કોઈ ઉત્સુકતા નહીં.

ગ્રાહક દરેક ક્ષેત્રમાં રાજા હોય છે અને તેને સાચો જ માનવામાં આવે છે. તેમ છતાં બેન્કોના ગ્રાહકો હવે ખરા અર્થમાં બાપડા-બિચારા થઈ ગયા છે. કેમ



જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

કે બેન્કો પાસે સ્ટાફ ઓછો છે અને કાર્યો ઘણાં છે. એટસે સિસ્ટમ, કમ્પ્યુટર્સ બધું હોવા છતાં કોઈપણ કામ ઝડપથી થતું નથી. ગ્રાહક સેવાનાં સૂત્રો કે બોર્ડ લખવાથી કંઈ ના વળે. વાસ્તવમાં આમ નાગરિક પ્રવર્તમાન બેન્કિંગ પ્રણાલિથી ત્રસ્ત અને પીડિત છે. નવાં નવાં મશીનો આવી ગયાં છે, ઉમદા છે પરંતુ તેની જાળવણી-મેઈન્ટેનન્સ નથી એટલે પાસબૂક પ્રિન્ટીંગ નથી મશીન્સથી થતું કે નથી શાખામાં કે સરળતાથી કે ઝડપથી થતું. આ કઈ રીતનું પ્રબંધન છે ? એટીએમ સેવા વ્યાપક થઈ તો કેશ ઘટે છે ! કામ કરનારા જે માણસો બેન્કોમાં છે તેઓ નિરાશ, હતાશ, નિરસ અને મંદ જોવા મળે છે તે ગ્રાહક સંવાદમાં પણ ઉત્સાહ ધરાવતા નથી ! ધાતુના ટોકન જમાના પ્રમાણે વ્યવહારુ રહ્યા નથી, મશીનમાંથી પેપર ટોકન લેવું પડે છે, જેના પ્રશ્નો પારાવાર છે. પેપર ટોકન મુજબ વિન્ડો (બારી નંબર) દર્શાવે ત્યાં ગ્રાહક જાય તો કાઉન્ટર કે વિન્ડોમાં કોઈ હોતું નથી અથવા ટાઈમ આઉટ થઈ જતાં કામ અટકી જાય. ઘણી શાખાઓમાં રેલવે સ્ટેશને મુસાફર આડા અવળા બેઠા કે સૂતા હોય તેવી જ હાલત બેન્કના મેઈન હૉલની જોઈને મનને રંજ થાય છે જ કે આપણે ધીમે ધીમે કરતા બેન્કિંગને ક્યાં લઈ ગયા ? પોતાના પૈસા પોતાના ખાતામાંથી લેવા-મૂકવા માટે શાખામાં જ કોઈને આ કામમાં રસ ન હોય તો આપણે આ સ્થિતિને શું કહીશું ? આધુનિક કાર્ય પધ્ધતિથી કામમાં ઝડપ અને સરળતા આવવી જોઈએ તે હજી નથી. ઉલટાનું ગ્રાહકો વધુ પરેશાન થઈ રહ્યા છે તે હકીકત છે.

બેન્કોની ગ્રાહક સેવાનું સ્તર ખાડે ગયું તેનું મુખ્ય કારણ શું ? જો ગ્રાહક નથી તો કોઈપણ એકમનું કોઈ અસ્તિત્વ પણ નથી. બેન્કો પાસે નોન બેન્કિંગ કામો જે લાદવામાં આવ્યા અને સ્ટાફની કમી રાખી તેના કારણે અંતે પ્રજા બેન્કના કામના ટેન્શન થકી છે. નાના મોટા કામ માટે બેન્કોમાં વારંવાર જવું પડે એ શું કહેવાય ? મન વગરના માનવીઓનાં કર્મ કદી મીઠાં હોઈ શકે નહીં. બેન્કનું પ્રબંધન સંવેદનહિન રોજ રોજ થઈ રહ્યું છે. સિનિયર સિટિઝનની ડિપોઝીટ બ્રાન્ચોને નામે છે પણ તેનાં ફોર્મ નંબર ૧૫ એચ, ૧૫ જી વગેરે ભરવા કે લેવામાં સિસ્ટમથી પણ વિઘ્નો છે, તેને જલદી સરળ કરવાં પડે. બધાં ચાર્જીસ સિસ્ટમ કાપી લે છે તો પછી જે ગ્રાહક હોય તે શું માત્ર ફરિયાદ કરવાનું કામ જ કર્યા કરશે ? સરળ, સીધા, ખાનદાન માણસો માટે બેન્કો નથી અને આ વિશ્વ પણ નથી તેવી હાલત છે. પ્રશાસન બેન્કિંગ સિસ્ટમનો ઝડપથી રિવ્યૂ કે આકલન કરે તેવી અપેક્ષા છે.

**શેર આસ્વાદ**

તોફાનોમાં ફક્ત તેઓ
તરીને પાર નીકળે છે
ફરી વળતું નથી જે લોકોની
હિંમત ઉપર પાણી...
(બેફામ)